**–:: આંક–૧ લગત હુકમ ::–**

(૧) ફરીયાદપક્ષના કેસની તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ઉપરોકત ગુના અંગેનુ ચાર્જશીટ કરેલ.

(૨) ત્યારબાદ આરોપી કોર્ટ સમક્ષ હાજર થતા, પોલીસ તપાસના કાગળોની નકલ વીના મુલ્યે મળ્યાની ખાત્રી કરી **પ્લી આંક–૦૪** થી રેકર્ડ કરતા, આરોપી સ્વૈચ્છીક રીતે અને રાજી–ખુશીથી કબુલાત કરેલ તેમજ **આંક–૦૩** થી અલગ કબુલાત પુરસીસ પણ આપીને તેમણે ઓછામાં ઓછી સજા એન દંડ કરવા માટે પોતાને પુરતા અને વ્યાજબી કારણ હોવાનું જણાવે છે. આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા છતાં અને સમજાવવા છતાં પણ સ્વૈચ્છીકરીતે ગુનો કબુલ કરતા હોય, કબુલાત પુરસીસ દાખલ કરવામાં આવી.

(૩) આરોપી સામે પ્રોહી.ધારા કલમ–૬૬(૧)(બી) મુજબના ગુનાનુ તહોમત છે તેમજ આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતા તેમાં જણાવેલ કારણો ધ્યાને લેતાં, આરોપી ગરીબ અને મધ્યમ વર્ગનો માણસ જણાય છે તેમજ કુટુંબમાં એકમાત્ર કમાનાર સભ્ય છે. બાળ બચ્ચાવાળો માણસ છે. ગરીબ સ્થિતિને લીધે બચાવ કરવા સક્ષમ નથી. તેમજ ગુનો કર્યાનો અફસોસ વ્યકત કરે છે અને ભવિષ્યમાં બીજો ગુનો નહી કરવાની ખાતરી આપે છે. તેમજ તેનો આ પ્રથમ ગુનો હોવાનુ જણાય છે તથા કુટુંબના સભ્યોમાં બિમારી છે અને જો ઓછી સજા અને ન્યૂનતમ દંડ કરવામાં આવે તો સમાજમાં માનમોભાભર્યા સ્થાનથી જીવી શકે તેવા પ્રયત્નો કરી શકે તેમ છે. તે સંજોગોમાં તેમને ઓછી સજા અને દંડ કરવો ન્યાયી અહને ઉચિત માનુ છું.

(૪) નામ. ગુજરાતની વડી અદાલતે **૨૦૦૫(૧)જી.એલ.આર.–૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરિચન્દજી ઠાકોર**ના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપીત કરેલો છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાને લઈ નીચેની અદાલત માં કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે, સદરહુ ચુકાદાના પાન નં.૭૨૧ ઉપર પેરા–૨૧માં જે કારણો જણાવેલ છે તે ધ્યાને લેતાં, ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. જેથી, આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સૂચવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા અને દંડ કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે, તેથી ઓછા માં ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ હું નમ્ર પણે માનું છું અને સજા અંગે વિધ્વાન એ.પી.પી. તથા આરોપીને સાંભળ્યા બાદ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**–:હુકમ:–**

૧. આ કામના આરોપીને બી.એન.એસ.એસ.કલમ–૨૭૫ અન્વયે ધી પ્રોહીબીશન ધારાની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી **રૂપિયા. ૨૦૦/– (અંકે રૂા. બસો પુરા) નો દંડ** કરવામાં આવે છે, જો દંડની રકમ ન ભરે તો દિવસ–બે ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

૨. અપીલ સમય પુરો થયે મુદામાલ પાવતીમાં જણાવેલ મુદામાલનો નાશ કરવા યોગ્ય કાર્યવાહી કરવી.

૩. આરોપીએ અગાઉ આપેલ જામીન–ખત આથી રદ કરવામાં આવે છે.

૪. આરોપીએ બી.એન.એસ.એસ.કલમ–૪૮૧ મુજબની જોગવાઈનું પાલન કરવું.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૫ / ૦૩ / ૨૦૨૬
સ્થળ : વડોદરા.

**(આદિત્ય આર. ગોર)**
જયુડી.મેજિ.ફર્સ્ટ કલાસ (રેલવે),વડોદરા.
**[JUDGE CODE No. GJ-01709]**

**હુકમની સમજ મળી.**